પ્રકાશક—
શ્રી જૈન સાહિત્યવર્ધક સભા
ભાવનગર

મુદ્રકઃ—
શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
મહોદય પ્રિ. પ્રેસ–ભાવનગર

પ્રથમાવૃત્તિ
મુલ્ય રૂા. ૩

પ્રકાશકનું નિવેદન.

શ્રી જૈન સત્યપ્રકાશ માસિકમાં અનુક્રમે પાંચમા વર્ષ દશમા વર્ષ સુધી આ નિહ્નવવાદ લેખરૂપે લખાએલ-પ્રકટ થયેલ આજે પુસ્તકરૂપે પ્રકટ થાય છે. નિહ્નવોની વાત સાધારણ ર સ્વચ્છન્દતાપોષક હોય છે. નિહ્નવોને માટે આપણે એક રીતે ક શકીએ કે તેઓ જૈન સામ્રાજ્યના ધાડપાડુઓ છે. એટલે ધ પાડુઓ જેવી તેમની કરણી અને હકીકત હોય છે ધાડપાડુએ [illegible] તેમો ગાળીને તેના જેવું આચરણ કરવાનું પસંદ કો [illegible] ન જ કરે. આ પુસ્તક વાંચી-વિચારીને સમજુ આત્મ [illegible] નિહ્નવતાને પ્રવેશવા નહિં દે અને હશે તો દૂર કરશે [illegible] તો આ પુસ્તકનું પ્રકાશન સફળ થયું લેખીશું.

પુસ્તકના લેખક પૂજ્ય મુનિશ્રી ધુરન્ધરવિજયજી મહારાજને [illegible] ઉપકાર માનવો એ એક સાધારણ વાત છે. સ્વ-પર [illegible] પ્રવૃત્ત કરના પૂજ્ય પુરુષોના ઉપકાર યા આભ [illegible] માનવો એ વ સ્તવિક કૃતજ્ઞતા નથ [illegible] આભાર યા ઉપકાર માનવાની રીત તેમ [illegible] પ્રમાણે જીવનને ઘડવું-કેળવવું એ છે.

[illegible] સૂરીશ્વરના કે [illegible] પુસ્તકમાળા [illegible] છે [illegible] આ પુસ્ત [illegible]

[illegible]

—પ્રકાશક

— વિશુદ્ધિપત્રક —

અશુદ્ધ.	શુદ્ધ.	પત્ર.	પં
પરપર	પરસ્પર	૧૩	
પૂણ	પૂર્ણ	૬૦	
મળતા,	મળેલા	૯૨	
આર્ર્ય	આર્ય	૯૪	
શ્ચાત્તાપ	પશ્ચાત્તાપ	૯૪	
ધુવેઈ ના વિગમેઈ ના,	વિગમેઈ વા ધુવેઈ વા,	૧૧૩	
મગ્નકને,	મૃગાકને	૧૬૪	
૮ વેદનીય.	૮ અંતરાય,	૧૬૯	૨
[illegible]	[illegible]	૧૭૧	
નર્જરી	નિર્જરી	૧૭૧	
[illegible]	ક્ષમાદિક	૨૨૧	૧
[illegible]	[illegible]	૨૩૫	૧
[illegible]	દુર્લભ	૨૫૨	
[illegible]	[illegible]	૨૫૯	૧
[illegible]	[illegible]	૨૬૭	
[illegible]	[illegible]	૩૧૧	

બહુ સંખ્યાવાળા પાખંડીઓની સાથે જે ઝઝૂમી શકે અને સન્માર્ગે દોરી શકે—એકાંતવાદીઓના અરસપરસના ઝગડા, અનેકાંતવાદનું આજણ આંજી જોતજોતામાં જે નિવારી શકે, સત્યના દર્શન અને અનુસરણમાં કદિ અંતરાય ન આવવા પામે એટલાસારુ ભાષાના વ્યાકરણ જેવું વિચારનું વ્યાકરણ નય સંગ્રહને નામે વિશ્વને જે દર્શન આપી શકે છે—સમગ્ર સત્યને નિહાળવા અને સમજવા સંશયવાદનો આરોપ આવે તો તે માથે ચડાવીને પણ અપેક્ષા નક્કી કરવા ઝીણામાં ઝીણી વિગતમાં ઉતરતા જે જૈન દર્શન નામે કે કદિ થાકતું કે કંટાળતું જ નથી તે દર્શનમાં નિહ્નવો દેખાવ દે એ સંભાવિત નથી લાગતું, છતાં એમ બનવા પામ્યું છે એ હકીકત છે જૈન ગ્રંથોમાં—પ્રામાણિક સાહિત્યમાં એની નોંધ લેવાઈ છે.

[illegible]ગો સાથે કોઈ બાબતમાં વાંધો પડતા, એના ભાયાતે [illegible] શક્તિઓ બહારવટે નીકળતા—લોકોને રંજાડતાઃ આખરે [illegible] સમાધાન થતાં મૂળ સત્તાના આશ્રયે પાછા આવે [illegible] નિહ્નવો દર્શન—જગતના સામાન્ય બારવટીયા જેવા જણાય [illegible] નિહ્નવો લોકોને રંજાડતા તો નથી પણ સત્ય અને સમ[illegible] [illegible] ટાળી નાખી છુપો માનસિક રોગચાળો [illegible] હેતા દેખાય છે. નિહ્નવોને પોતાનાં સ્વતંત્ર શાસ્ત્ર [illegible] લાગતું. જે ચક્રવર્તી જેવી સત્તા સાથે [illegible] ચક્રવર્તીની સત્તા કે શાસ્ત્ર સંબંધમાં એ [illegible] એમને નિસ્તરણ થઈ જાય છે [illegible] આ નિહ્નવોને માથે અનેકાંત [illegible] હોય છે પણ બનેલું છે એમને [illegible] સમજવા જેવો નથી [illegible] દેખાવ કરનાર [illegible]—આગમના હાથે

નિહ્નવોની આ ઐતિહાસિક કથાને, દુર્બળ કે દયાપાત્ર માનવીની કરુણ કહાણી કોઇ રખે માની લે. બુદ્ધિમાં બૃહસ્પતિ જેવા અને સંયમ-તપમા કોઇ યુગધરની સાથે સ્પર્ધા ખેલે એવા આ શક્તિશાલી પુરુષો હતા. કોઇ કમનસીબ પળે એ શક્તિશાળીના શીરે અહંતા-આગ્રહનું ભૂત ચડી બેઠું. બહુ [illegible] તો આપણે એટલું કહી શકીએ કે જે જ્ઞાન, જે શક્તિ અને જે ત્યાગ પોતે ધરાવતા હતા તે જોતા એમણે ખૂબ જ જાગ્રત [illegible] ફરી મનને ઉન્મુક્ત-ખુલ્લું રાખ્યું હોત તો આ [illegible] અકસ્માતો બનવા ન પામત.

જમાલિ મુનિની વાત લઇએ. પોતે ક્ષત્રિય કુમાર હતા- [illegible] ભગવાનના પુત્ર અને જમાઇ પણ હતા. અગી[illegible] [illegible] જ્ઞાતા અને પાંચસો સાધુના શિરતાજ હતા. એ[illegible] [illegible] તાવ આવ્યો સાધુઓને પથારી કરતા જરા વા[illegible] [illegible] હતા "કરાતું હોય ત કરાયુ" એ પ્રકારના [illegible] [illegible] શત્ર સામે એમણે બંડ ઉઠાવ્યું. [illegible] [illegible] આ વાત પારી છે, પણ [illegible] [illegible] જમાલિના [illegible] ઉભરાતી હતી [illegible] [illegible] જમાલિ મુનિના વ્યૂહમા [illegible]

[illegible]

નિહ્નવો આજસુધી અપમાનિત ગણાયા છે એટલે મુનિજીએ એમને અન્યાય ન થાય એટલા માટે પૂરી સાવચેતી રાખી છે. આ તો હજી આરંભ છે—મુનિજીનો અભ્યાસ અને અધ્યવસાય જોતાં ગુજરાતી જૈન સાહિત્યમાં આવાં બીજાં મૂલ્યવાન પુસ્તકો ઉમેરાય એવી આશા બંધાય છે.

નિહ્નવ તરીકે આજે કોઇ આપણું કાંડું પકડીને બહાર કાઢી શકે તેમ નથી. પણ એથી કરીને જૈન ધર્મના બધા અનુયાયીઓ વીતરાગના પ્રરૂપેલા માર્ગે જ ચાલી રહ્યા છે એમ થોડું જ કહી શકાય? સમાજનો મોટો ભાગ મૂળ માર્ગ છાંડી જાય-પછી તે જે માર્ગે જતો હોય તેની ઉપર "અસલનો ધોરી માર્ગ" એવું પાટિયું મારે તેથી કરીને ઉન્માર્ગ સન્માર્ગ ન બને.

ગણધરવાદની વિશેષતાઓ—

(૧) શ્રીમહાવીર પ્રભુને કેવલજ્ઞાન થયા બાદ અપાપાપુરી-(પાવાપુરી)માં પ્રભુ સમવસર્યા. તે સમયે ત્યા ઇન્દ્રભૂતિ વગેરે વિપ્રો યજ્ઞ કરાવતા હતા. તેઓ શ્રી વીર પ્રભુની સાથે વા[દ] કરવા માટે આવ્યા. ચર્ચા-સમાધાન થતાં તેઓ સમજ્યા. દીક્ષા લઈ ગણધર બન્યા. તે વાદ તે **ગણધરવાદ.**

(૨) ગણધરવાદમાં નાસ્તિકતાનો નિરાસ કરવામાં આવેલ છે

(૩) ગણધરવાદની ઉત્પત્તિ વેદ વાકયોના અર્થને અવલંબીને થઇ છે.

(૪) ગણધરવાદમા આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક વગેરે મૂળભૂત વિષયોની ચર્ચા છે.

(૫) ગણધરવાદ જૈનેતરો(બ્રાહ્મણો)ની સાથે થયેલ

(૬) ગણધરવાદમાં ઇન્દ્રભૂતિ વગેરેને પોતાની જ[્ઞાન] અને સર્વજ્ઞપણાનું અભિમાન હતું, તે કારણે તેઓ પોતા[ના] સંશય નિવારણ બીજા કોઇને પણ જણાવતા નહિં, એટ [illegible]

નિહ્નવોની સંખ્યા અને ટૂંક પરિચય—

શ્રી આવશ્યક નિર્યુક્તિ, સ્થાનાંગ સૂત્ર વગેરે ગ્રન્થોમાં નિહ્નવોની સંખ્યા સાતની બતાવેલ છે, તે આ પ્રમાણે—

बहुरय[1]-पएस[2]-अव्वत्त[3]-समुच्छ[4]-दुग[5]-तिग[6]-अबद्धिआणं[7] च ।
एएसिं निग्गमणं, वोच्छामि जहाणुपुव्वीए ॥

(૧) બહુરત-જમાલિ—ઘણે લાંબે કાળે વસ્તુ ઉત્પન્ન થાય છે એવા વાદના સ્થાપક, (બહુરત) જમાલિ નામના પ્રથમ નિહ્નવ શ્રી મહાવીરસ્વામી પ્રભુના કેવલજ્ઞાન પછી ચૌદ (૧૪) વર્ષે શ્રાવસ્તિ નગરીમાં થયા.

(ચલાતું-ચાલ્યું, ઉદીરિણા કરાતું ઉદીર્યું, યાવત્ નિર્જરા કરાતું નિર્જર્યું.) તે અસત્ય છે. આ પ્રત્યક્ષ દેખાય છે કે સંથારો કરાતો-કરાયો નથી એમ કહેવાય છે પણ કરાયો છે એમ કહેવાતું નથી. એ જ પ્રમાણે ચલાતું હોય ત્યારે ચાલ્યું, ઉદીરાતું હોય ત્યારે ઉદીર્યું અને નિર્જરાતું હોય ત્યારે નિર્જર્યું એમ કહેવાતું નથી પણ ચાલે છે, ઉદીરાય છે, નિર્જરાય છે એમ વ્યવહાર ચાલે છે, માટે શ્રી વીરપ્રભુનું કથન અનુચિત અને અસત્ય છે.

મુનિઓને જમાલિનું કથન—ઉપર પ્રમાણે મનમાં નિશ્ચય કર્યા પછી જમાલિ મુનિ સાધુઓને બોલાવી તેમને પોતાના વાદ આ પ્રમાણે સમજાવવા લાગ્યા. 'મુનિઓ! શ્રી મહાવીર પ્રભુ કહે છે કે ક્રિયમાણ કૃત (કરાતું હોય તે કરાયું)

જ.—ઘટપટ વગેરે જે કોઇ કાર્યો કરવામાં આવે છે તે તેને કર્યા પૂર્વે અવિદ્યમાન છે. અસત્ છે. માટી-તંતુ વગેરે ઉપર ઘણા પ્રયત્નો કરીએ ત્યારે ઘણે કાળે તે ઉત્પન્ન થાય છે- વિદ્યમાન સ્થિતિમા આવે છે. કરાતું એ કરાયું માનીએ તો કાર્ય કરવાને પ્રથમ સમયે જ કાર્ય કરાતું છે માટે કરાયું માનવું જોઇએ. બીજે સમયે, ત્રીજે સમયે એમ યાવત્ જ્યાં સુધી કાર્ય સમ્પૂર્ણ નથી થતું ત્યાસુધી કાર્ય કરાય છે. તો જે પ્રથમ સમયે કરાયું છે તેને પછીથી કરાવાપણું શું ? પછી તો 'પિષ્ટપેષણ' દળ્યા ને દળવા જેવું રાંધ્યા ને રાંધવા સમાન, ક્રિયાને કરવારૂપ વિદ્યમાનની ઉત્પત્તિ માનવી પડે. 'કરાતું તે કરાયું ' ન માનીએ તો આ દોષ લાગતો નથી. કારણ કે જ્યારથી કાર્ય કરવાની શરૂઆત થાય ત્યારથી જ્યાસુધી તે કાર્ય નિષ્પન્ન ન થાય ત્યાસુધી તે કરાય છે એમ જ કહેવાય છે, પણ કરાયું છે એમ મનાતું નથી. માટે બીજા ત્રીજા વગેરે સમયે કરાયેલને કરવાપણું નથી પણ ન કરાયાને જ કરવાપણું છે.

વચનના અનુયાયીને તે ભૂષણ છે. પિષ્ટપેષણ કે ચર્વિતચર્વણની આપત્તિ એ પણ કરાતું એ કરાયું માનવામાં ઘટતી નથી.

અસત્ એટલે અપ્રકટ અને સત્ એટલે પ્રકટ એમ સ્વીકારવામાં આવે તો તે યથાર્થ છે. માટે સત્કાર્યવાદ માનવો જોઇએ.

(૨) વસ્ત્ર તાનણાઓમાંથી ઉત્પન્ન થાય છે અને ઘટ માટીના પિંડમાંથી ઉત્પન્ન થાય છે એ પ્રમાણેની અમુક કારણોમાંથી અમુક જ કાર્ય થાય એ વ્યવસ્થા સત્કાર્ય માનવામાં આવે તો જ સંભવે છે.

જો તન્તુઓમાં પટની સત્તા કે મૃત્પિણ્ડમાં ઘટની સત્તા ન હોય તો પટનો અર્થી તન્તુને અને ઘટનો અર્થી માટીને કેમ ગ્રહણ કરે છે? તન્તુમાંથી ઘટ ને માટીમાંથી પટ કેમ નથી બનતો?

જ.—તમે સત્કાર્યવાદ યુક્તિસિદ્ધ છે એમ માનો છો ને હું તેને દૂષિત માનું છું; માટે તમે પ્રથમ દોષ ન સ્વીકારો

---

૧ હિમાચલ અને વિન્ધ્યાચલ એ બન્ને જુદા છે તો તે બન્નેની પરસ્પર અપ્રાપ્તિ છે. જ્યાં પરસ્પર સંયોગ કે અત્યન્ત અપ્રાપ્તિ નથી ત્યાં ભિન્નતા પણ નથી જેમ ઘટમાં ઘટ, ઘટમાં ઘટનો સંયોગ પણ નથી અને અત્યન્ત અપ્રાપ્તિ પણ નથી. એજ પ્રમાણે માટીના પિંડમાં ઘટનો સંયોગ નથી, ન અત્યન્ત અપ્રાપ્તિ નથી એટલે તે બન્ને પરસ્પર અભિન્ન છે. જ્યારે કાર્યકારણ જુદા નથી તો કારણ સત્તા છે તેજ પ્રમાણે કાર્યની પણ સત્તા છે એ રીતે સત્કાર્યવાદ છે.

ગુંચવાડો ઊભી કર્યા જ કરશો. જે સમયે તમે ઘટ વગેરે કાર્યોની શરુઆત માનો છો. વાસ્તવિક–ખરી રીતે તે સમયે તે કાર્યોની શરુઆત જ થઈ નથી. ઘટ થતાં પહેલાં તેને યોગ્ય અનેક કાર્યો થાય છે, ને તે તે કાર્યોની ક્રિયા સ્વતન્ત્ર હોઈ, ક્રિયાઓ કાર્યને ઉત્પન્ન કરી વિરામ પામી જાય છે.

કરાનું એ કરાયું ન માનતાં તમે અસત્કાર્યવાદ સ્વીકાર્યો છે એટલે તમે સસલાના શીંગડા કે આકાશનું ફૂલ વગેરે કાર્યો કરવાને ક્રિયા કરશો, તે તે વસ્તુઓ કદી ઉત્પન્ન થતી નથી એટલે તે તે ક્રિયાઓ પણ અટકશે નહિ–ચાલુ જ રહેશે; માટે ક્રિયાના અવિરામરૂપ બીજો દોષ તમોને જ લાગુ પડે છે.

સ્વતન્ત્ર કાર્ય માટે દેખાતી જુદી જુદી ક્રિયાઓ મિથ્યા પણ નથી ને ન દેખાવી જોઇએ એવું પણ નથી.

તમે કહેલ પાંચે દોષો તમારી માન્યતા પ્રમાણેના મનઃકલ્પિત છે. વસ્તુસ્થિતિએ એ સર્વ તમોને જ લાગે છે. સર્વજ્ઞ પરમાત્માના વચનો કદી મિથ્યા હોતા નથી. એ તો ત્રિકાલાબાધ્ય-સત્ય હોય છે; માટે મિથ્યાભિનિવેશ-ખોટા આગ્રહનો ત્યાગ કરી, સ્વીકારેલ માર્ગને અનુસરો. વિશેષ તમને શું કહીએ ?

એ પ્રમાણે જમાતિ અને મુનિઓ વચ્ચે એક દિવસ વાર્તાલાપ ચાલ્યો. પણ તેનું કંઇપણ ફળ આવ્યું નહિં, એટલે મુનિઓએ વિચાર્યું કે અત્યારે જમાલિને જ્વર છે. જ્વરના આવેશમાં તેઓ ન સમજે પણ પછીથી સમજશે. ત્યાં સુધી આપણે થોભી જઇએ. પછીથી નહિં સમજે તો આપણે તેનો ત્યાગ કરીશું.

સ્થ. સુ.—જે વસ્તુનો તમને અનુભવ ન થાય તેને ત
મિથ્યા માનશો તો તમારે આત્મા, પરભવ, સ્વર્ગ, મો
વગેરે પદાર્થો-પ્રત્યક્ષમાં નથી આવતા માટે ન માનવા જોઈએ
સર્વજ્ઞ પ્રભુના વચનથી માનતા હો તો દરેક ક્ષણે ન
ક્રિયા ને નવાં કાર્યો થાય છે એ સર્વજ્ઞ પ્રભુએ જાણ્યું
જોયું છે ને તે જ પ્રમાણે પ્રરૂપ્યું છે; માટે માનવું જોઈએ
એટલું સૂક્ષ્મ જોવાની શક્તિ તમારા જ્ઞાનમાં નથી માટે તમ
તે ન જણાય, પણ તેથી તે મિથ્યા છે એમ કહી શકાય નહિ

જ.—મુનિઓ ! મને ન જણાય કે ન સમજાય એવી કો
વસ્તુ વિશ્વમાં નથી. આત્મા આદિ પદાર્થોને હું તર્કથી જાણ
શકું છું. ક્ષણે ક્ષણે નવીન કાર્યો માનવામાં કોઈપણ યુક્તિ
ઘટતી જ નથી. જે ઘટ વગેરે કાર્યો માટે ક્રિયા અમુક સમ
થાય છે ને તે સમયે તે કાર્ય નિષ્પન્ન પણ થાય છે, ત
[illegible]ની ક્રિયાની શરૂઆત ઘટ માટેની કેમ નથી ? શાથી પ્રથ
[illegible] ઘટ વગેરે નથી માનતા ?

'क्रियमाणं कृत' વગેરે વચનો ૧ઋજુસૂત્રનયને આધારે કહેવાયેલા છે. તે નય ઘણો સીધો ને સરલ છે. ભૂતકાળ કે ભવિષ્યકાળને નહિં જોતા વર્તમાનકાળમા શું છે ને શું થાય છે તેની જ ચર્ચા તે નય કરે છે. તે નય કહે છે કે જે વખતે કાર્ય કરો તે વખતે તપાસો કે કાર્યને ઉપયોગી સર્વ સામગ્રી છે કે નહિં ! જો કાર્યમા કારણભૂત સર્વ સામગ્રી છે તો કાર્ય ધીરે ધીરે-દીર્ઘકાળે કેમ થાય છે ! તુરત જ ઉત્પન્ન થવું જોઈએ, 'समर्थः क्षणमपि विलम्बं न सहते' (સમર્થ પદાર્થ [illegible] કરવામા ક્ષણ પણ વિલમ્બને સહન કરતો નથી) સર્વ સામગ્રી મળી નથી તો કાર્યની શરુઆત જ થઈ છે, એમ કેમ મનાય ? સામગ્રી મળ્યા પછી જ આરંભ થાય છે. જેમકે 'ઘટ' રૂપ કાર્ય કરવું છે. તેને માટે સામાન્ય રીતે માટી, [illegible], દોરો, કુંભાર, વગેરે સામગ્રી જોઈએ; પરંતુ આ સર્વ [illegible] માટે જ આ તમામ હોવા છતા કાર્ય [illegible] થાય છે, એમ આપણને લાગે છે. તે તેથી જ [illegible]

પૂર્ણભદ્ર નામના ચૈત્યમા વિરાજતા હતા. જ્યારે જમાલિ કોઈપણ ઉપાયે સમજી શકે એમ નથી એમ સ્થવિર મુનિઓને લાગ્યું એટલે તેઓ જમાલિનો ત્યાગ કરી. પરમાત્મા જ્યા વિરાજતા હતા ત્યા વિહાર કરીને ગયા અને બનેલ સર્વ હકીકત પ્રભુને જણાવી.

(૪)

પૂર્વ પતિપ્રેમે પ્રવર્તિની પ્રિયદર્શનાનું જમાલિના મનમાં જોડાવુ અને ઢંક શ્રાવકની યુક્તિથી મૂળમાર્ગે આવવુ.

સ્થવિરો વિહાર કરી ગયા, પછી વિના સંકોચે જમાલિ પોતાની માન્યતાનો પ્રચાર કરવા લાગ્યા. સર્વને 'કરાતું તે કરાયું' એ મિથ્યા છે કાર્ય છેલ્લે કાળે ઉત્પન્ન થાય છે એમ જમાલિ સમજાવવા લાગ્યા. પૂર્વાવસ્થાના પોતાનાં પત્ની સાધ્વી 'પ્રિયદર્શના' જ્યારે વન્દન કરવા માટે આવ્યા ત્યાં [illegible]

જે વસ્તુ કોઈપણ રીતે સત્ય નથી તેનો આભાસ પણ નથી. વ્યવહારનયમાં જે વચનો ઔપચારિક કહેવાય છે, તે ઋજુસૂત્ર નયથી સત્ય છે. 'क्रियमाण कडं' એ વચનો સર્વજ્ઞ પ્રભુના છે. તેઓશ્રીને મિથ્યા પ્રરૂપણ કરવાને કંઈ પણ કારણ નથી, માટે આપ પરમાત્માના વચનો અને ઋજુસૂત્ર નયને સ્વીકારી સત્ય પંથે વળો.'

ઢંક શ્રાવકના યુક્તિયુક્ત વચનો સાંભળી સાધ્વીજી પ્રિયદર્શના પણ સમજ્યા ને પ્રભુના વચનોમાં પુનઃ સ્થિર શ્રદ્ધાવાળા થયા. ગમે તેમ તો યે તેઓ પરમાત્માના પુત્રી હતાં! મિથ્યાચારનો ત્યાગ કરી ઢંક શ્રાવકને કહેવા લાગ્યા—

'જમાલિ ! જે આત્માઓને કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું છે તે આત્માઓ ત્રણે કાળના સર્વ ભાવોને હાથમાં રહેલા નિર્મળ જલની માફક જાણે છે ને જુએ છે. તેઓથી કોઈ પાછળ-પર્વત પાછળ કે સ્તમ્ભ પાછળ શું છે? તે અજાણ્યું નથી હોતું. કોઈપણ વસ્તુથી તેમનું જ્ઞાન ઢંકાતું નથી, કોઈપણ રીતે તેમનું જ્ઞાન નાશ પામતું નથી. તમારું જ્ઞાન તેવું નથી, ક્ષણવાર પછી શું થવાનું છે કે ક્ષણ પહેલાં શું [illegible] તે [illegible]વાની તમારામાં તાકાત નથી, તમારી પીઠ [illegible] શું છે? તે પણ જાણવાની કે જોવાની તમારામાં શક્તિ નથી તો કેવળજ્ઞાન દર્શનની ક્યાં વાત !

[illegible] હે જમાલિ ! તમને [illegible] જ મિથ્યાભિમાન [illegible] કે [illegible] કેવળજ્ઞાન ને કેવળદર્શન છે તો [illegible] તમને એ પ્રશ્નો [illegible]

[illegible]. એટલે તે બન્ને નિત્યાનિત્ય છે. વિશ્વની વસ્તુ માત્ર એ પ્રમાણે નિત્યાનિત્ય રૂપ છે. એ જ શુદ્ધ દૃષ્ટિ છે, એ જ સ્યાદ્વાદનું રહસ્ય છે.

તારા વિચારમાંથી પર્યાયદૃષ્ટિ દૂર થઇ છે, એટલે તને વાસ્તવિક પરિસ્થિતિ સમજાતી નથી. ”

* * *

શ્રી ગૌતમસ્વામીજીએ અને પરમાત્માએ પોતે ઉપર પ્રમાણે સમજાવ્યા છતાં જમાલિ સત્ય સમજી શક્યા નહિ. મિથ્યાભિમાન-દુરાગ્રહથી અસત્ય વિચારણાને વળગી રહ્યા. [illegible] ભગવાનથી જુદા પડ્યા પછી પણ પોતાના વિચારો જ સાચા છે, એમ [illegible]. [illegible] ખોટે રસ્તે ચડી ગયા પછી સાચે રસ્તે [illegible]. ત્યારે એમ જણાયું કે જમાલિ [illegible] અભિમાન-આગ્રહથી [illegible] છે–ત્યારે [illegible] નિહ્નવ તરીકે પ્રસિદ્ધ કર્યા

તિષ્યગુપ્તાચાર્ય

બીજા નિહ્નવ-આત્માના છેલ્લા પ્રદેશમાં આત્મસર્વસ્વ [illegible] |

કથાવસ્તુ—ઋષભપુર (રાજગૃહ) નગરમાં આત્માના [illegible] પ્રદેશમાં જ આત્માનું સર્વસ્વ માનનારા તિષ્યગુપ્ત [illegible] નામના બીજા નિહ્નવ થયા, રાજગૃહી નગરીના ગુણ[illegible] [illegible] બિરાજતા ચૌદ પૂર્વધર શ્રી વસુઆચાર્યના તેઓ [illegible] તેમને આમલકલ્પા નગરમાં મિત્રશ્રી નામના [illegible] યુક્તિથી [illegible] પ્રતિબોધ પમાડ્યો [illegible] કેવળજ્ઞાન ઉત્પન્ન થયા [illegible] પ્રસંગ [illegible] કથાવસ્તુ [illegible] નિહ્નવની બે ગાથાઓ આ પ્રમાણે [illegible]

આ પાઠ ભણતા ભણતા તિષ્યગુપ્ત મૂંઝાયા. તેમના મનમાં અનેક વિચારો ઘોળાવા લાગ્યા. આચાર્ય મહારાજે ફરી ફરી સ્પષ્ટીકરણ કરી ઉપરના વિચારો સમજાવ્યા.

પાઠ બીજા પછી તેનું ચિન્તન અને મનન કરતા તિષ્યગુપ્તના મનમાં નવીન વિચાર સ્ફુર્યો કે–જીવનો એક પ્રદેશ જીવ નથી, બે નથી, ત્રણ નથી, સો નથી, હજાર નથી, લાખ નથી, યાવત્ સંખ્યાતા-અસંખ્યાતા ને છેવટ એક પ્રદેશ ન્યૂન સર્વ પ્રદેશો પણ જીવ નથી. બાકી રહેલ એક પ્રદેશ ભળે છે ત્યારે તે જીવ કહેવાય છે. આ પ્રકાર એક પ્રદેશ સિવાયના સર્વ

સ્થવિરો—ભદ્ર ! તમારા કહેવાનો સારાંશ એ છે કે—જે સિવાય જે વસ્તુ ન રહે તે વસ્તુ તે સ્વરૂપ માનવી જોઇએ ઘટ પટાદિ વસ્તુઓ આકૃતિ સિવાય રહેતી નથી માટે આકૃતિ સ્વરૂપ છે એ જ પ્રમાણે અન્ત્ય પ્રદેશ સિવાય આત્મા પણ રહેતો નથી માટે આત્મા અન્ત્યપ્રદેશરૂપ છે

તિષ્યગુપ્ત—હા ! મારુ કહેવુ એ જ છે અન્તિમ પ્રદેશ હેવાથી જ આત્મા ' આત્મા ' એવો વ્યવહાર પામે છે, માટે તે અન્તિમ પ્રદેશરૂપ છે તેની સિદ્ધિ માટે પ્રયોગ નીચે પ્રમાણે છે आत्माऽन्त्यप्रदेशरूप सत्यन्त्यप्रदेश एवात्मत्वम् विरहे વિરહ । (આત્મા છેલ્લા પ્રદેશરૂપ છે છેલ્લો પ્રદેશ રહેતા જ આત્મા રહે છે, છેલ્લો પ્રદેશ નથી રહેતો ત્યાસુધી આત્મા પણ રહેતો નથી)

સ્થવિરો—મહાનુભાવ ! તમારો આ વ્યાપ્તિ પ્રયોગ ઠીક છે, પણ તેમા જે હેતુ છે તે અસિદ્ધ છે ' છેલ્લો પ્રદેશ રહેતા જ આત્મા રહે છે ' એટલે શુ ? આત્માના શેષ-બાકીના સર્વ પ્રદેશો કરતા જેને છેલ્લો પ્રદેશ માનવામા આવે છે, તેમા વિશેષતા શુ છે ?

તિષ્યગુપ્ત—જે છેલ્લો પ્રદેશ છે તેમા ત્રણ વિશેષતાઓ છે ૧ પૂરકત્વ ૨ ઉપકારિત્વ ને ૩ આગમપ્રતિપાદિત્વ તે આ પ્રમાણે ૧ સર્વ પ્રદેશો મળ્યા છતા જ્યાસુધી છલ્લો પ્રદેશ નથી મળતો ત્યાસુધી તે અપૂર્ણ કહેવાય છે જ્યારે છેલ્લો પ્રદેશ મળે છે ત્યારે જ તે પૂરાય છ-પૂર્ણ થાય છે, માટે પૂરકત્વ-પૂર્ણકારિત્વ એ પ્રથમ વિશેષ છે ૨ જ્યાસુધી છેલ્લો પ્રદેશ નથી ત્યાસુધી બીજા પ્રદેશો આત્મા એવા વ્યવહારને નથી પામતા, છેલ્લો પ્રદેશ મળે છે એટલે બીજા પ્રદેશો પણ તે તે વ્યવહારને અનુભવે છે એટલે છેલ્લો પ્રદેશ બીજા

પ્રદેશો પેઠે ઉપકાર કરે છે. એ ઉપકારકારિત્વ નામે બીજો વિશેષ છે. ૩. આગમમાં અન્તિમ પ્રદેશને બીજા સર્વ પ્રદેશો કરતાં જુદો-પૃથક્ કરી દર્શાવ્યો છે, તેથી આગમ પ્રતિપાદિતત્વ એ ત્રીજો વિશેષ છે.

પૂર્વપક્ષ—તમે જે ત્રણ વિશેષતાઓ દર્શાવી, તેમાં પ્રથમ નું પૂરકત્વરૂપ વિશેષતા છે. તે ત્યારે જ ઘટી શકે કે આત્માનો અમુક એક પ્રદેશ અન્તિમ છે, એવો નિશ્ચિત થાય, પણ તે તો [illegible] નથી. જુદી જુદી અપેક્ષાએ સર્વ આત્મપ્રદેશો અન્ત્ય [illegible] શકે, તેથી સર્વ પ્રદેશોમાં પૂરકત્વ રહે, કોઈને [illegible] નહિ. છતાં તમે અમુક એક પ્રદેશને અન્તિમ [illegible] તે કયા કારણે? આત્મપ્રદેશોની ગણત્રીમાં [illegible]?

સ્થવિરો—આયુષ્મન્! તમારુ આ કથન સર્વથા ભૂલ ભરેલુ છે તમે જે આઠ પ્રદેશો સર્વદા એક જ સ્થિતિમા રહે છે એમ કહો છો, તે પણ આત્માના મધ્યમા રહે છે તે આઠ પ્રદેશોની આસપાસ અસખ્યાત પ્રદેશો ફરી વળેલા છે એ પ્રદેશોને રુચકપ્રદેશ તરીકે ઓળખવામા આવે છે તે પ્રદેશોને કર્મ પુદ્ગલો સ્પર્શતા નથી માટે તેની એક સરખી સ્થિતિ મનાય છે નહિ કે તે પ્રદેશો સ્થાનવિશેષમા ચોક્કસ રહે છે માટે આત્મા બીજે જાય છે ત્યારે પ્રદેશો પણ સ્થળ બદલે છે બીજુ તે આઠમા પણ કોને છેલ્લો માનવો એ પ્રશ્ન અણઉકેલ જ રહે છે

તિષ્યગુપ્ત—અસ્તુ, આકાશપ્રદેશો અવસ્થિત છે, કોઈ પણ કાળે તેમા ફેરફાર થતો નથી એટલે જે આકાશપ્રદેશોમા આત્મા રહેલ છે તે આકાશપ્રદેશોની ગણત્રીમા જે પ્રદેશ અન્તિમ આવે ત્યા રહેલ આત્મપ્રદેશને છેલ્લો માનવો

સ્થવિરો—આકાશપ્રદેશો સ્થિર છે તે સત્ય છે, પણ તેમા આત્મા સ્થિર રહેતો નથી સ્થિર આકાશપ્રદેશોમા પણ જુદી જુદી દિશાઓથી ગણતા જુદા જુદા છેલ્લા થાય માટે કઈ દિશાના કયા આકાશપ્રદેશમા રહેલ આત્મપ્રદેશને અન્તિમ માનવો?

તિષ્યગુપ્ત—અધો દિશાથી ગણત્રી કરવી ને ઊર્ધ્વ દિશાના અન્ત્ય આકાશપ્રદેશમા રહેલ આત્મપ્રદેશને અન્તિમ માનવો

સ્થવિરો—તમારી દરેક કલ્પના વારવાર ફરતી રહે છે, કોઈ વાત સ્થિર રહેતી નથી ઊર્ધ્વ દિશાના અમુક આકાશપ્રદેશમા પણ એક જ આત્મપ્રદેશ રહેતો નથી કેવલી સમુદ્ઘાતના ચાર સમયમા જ્યારે ચોથા સમયે લોકાકાશને આત્મા પોતાના પ્રદેશોથી પૂરે છે ત્યારે એક એક આકાશ

પ્રદેશે એક એક આત્મપ્રદેશ રહે છે. બાકી અન્ય કાળમાં એક આકાશપ્રદેશમાં અનેક આત્મપ્રદેશો રહેતા હોય છે. એટલે [illegible] આત્મપ્રદેશનું અનિયમ માનવું. એ પ્રશ્ન કાગળ [illegible] આખી કાયા [illegible] ત્યારે એક પ્રદેશમાં [illegible] સંખ્યાત [illegible] તો રહે જ [illegible] કહેવા [illegible] માનવા નહિ.

આગમોમા એક બેની ગણત્રી કરી છે તે અપેક્ષાને હુ નિયત રાખુ છુ ને તેથી અન્તિમ પ્રદેશમા સર્વસ્વ માનવાનો આગ્રહ કરુ છુ

સ્થવિરો—દેવાનુપ્રિય ! આગમમા દર્શાવેલ તે નિરૂપણથી તને જે ભ્રમમા—વ્યામોહમા ગૂચવાયા છો તે ખરેખર શોચનીય છે આગમનુ તે નિરૂપણ શાશ્વત કે સદાકાળ માટેનુ નિયત નથી અમુક વિષયને સ્પષ્ટ સમજાવવા માટે વિવક્ષા કરીને બતાવેલ છે તેને આધારે તમે અન્તિમ પ્રદેશને નિયત કરો છો, પણ તમારુ તે કથન *ચક્રક દોષથી દૂષિત થાય છે ચક્રક દોષની સાથે જ આત્માશ્રય ને અન્યોન્યાશ્રય દોષો તો આવે જ છે માટે કોઈ એક પ્રદેશને છેલ્લો માનવો ને તેમા પૂરકત્વ રૂપ વિશેષ છે એમ માનવુ એ કોઈપણ રીતે ઘટતુ નથી તમારી બીજી વિશેષતા ઉપકારિત્વ છે તે પણ પ્રથમ વિશેષતા સ્થિર થયા સિવાય સભવતી નથી ને ઉપકાર પણ શુ કરે છે ? છેલ્લા સિવાયના બીજા પ્રદેશો આત્માના નથી તેને આત્માના કરે છે ? નાના છે ને મોટા કરે છે ? અલ્પ

---

* ચક્રકનુ લક્ષણ આ છે—स्वापेक्षापेक्षितसापेक्षापेक्षापेक्षणीय बोधविषयत्वेन स्वनिष्ठत्वज्ञापनम् चक्रकम् । એક જ્ઞાનનુ સાપેક્ષ બીજુ જ્ઞાન તેને સાપેક્ષ ત્રીજુ જ્ઞાન તેની અપેક્ષા રાખતુ ચોથુ જ્ઞાન તેને વિષય કરીને પ્રથમ જ્ઞાનની જુદુ બતાવવુ તે ચક્રક કહેવાય છે જેમકે પ્રશ્નમાં ૧ વિવક્ષાના—આગમની અપેક્ષા છે ૨ આગમમા—નિરૂપણની અપેક્ષા છે ૩ નિરૂપણમા—અન્તિમત્વની અપેક્ષા છે ને ૪ અન્તિમત્વમા વિવક્ષાની અપેક્ષા છે એ પ્રમાણે ચક્રની માફક પુન પુન ફર્યા જ કરે છે માટે ચક્રક દોષ લાગે છે જે માટે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર બૃહદ્વૃત્તિમા કહ્યુ છે કે—एव सति चक्रकाख्यो दोष स्यादि विवक्षानियतत्वमन्त्यत्व नैवेदच्च निरूपणासो यदन्त्यमवगम्य तावदमेऽपि विवक्षानियमनिति ।

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વસુસૂરિજી મહારાજે વિચાર્યું કે-મિથ્યાત્વના ઉદયે આ તિષ્યગુપ્ત સત્ય સમજી શકતો નથી ને બીજાના વિચારોને પણ ફેરવવા યત્ન કરે છે તેનો કાંઈક ઉપાય કરવો જોઈએ સમજી જાય તો ઘણું સારું, નહિ તો પરન્તુ વિશેષ અહિત ન કરે એમ કરવું જોઈએ એ પ્રમાણે વિચારી તેઓશ્રીએ તિષ્યગુપ્તને બોલાવ્યા ને કહ્યુ—

"ચિરંજીવ ! તું અન્ત્ય પ્રદેશને જ જીવ કહે છે તે શાથી ? બીજા પ્રદેશો પણ અન્તિમ થઈ શકે છે સર્વ પ્રદેશો સરખા સ્વભાવવાળા ને સમાન પ્રમાણવાળા છે જેમ તું અન્તિમ પ્રદેશને જ આત્મા કહે છે તેમ પ્રથમ પ્રદેશને કેમ નથી કહેતો ? જો આત્માના પહેલા બીજા વગેરે પ્રદેશોમા જીવત્વ ન રહેલુ હોય તો તે છેલ્લા પ્રદેશમા પણ ન રહે રેતીના એક કણમાથી તેલ નથી નીકળતુ, તો ઘણા કણ ભેગા મળવાથી પણ તેલ નથી નીકળતુ તેથી એવો નિયમ ફલિત થાય છે કે-અવયવીના એક એક અવયવમા જે ન હોય તે અવયવના સમુદાયમા પણ ન હોય તો પછી છેલ્લા એક અવયવમા તો ક્યાંથીજ હોય ? છેલા પ્રદેશ સિવાયના બીજા પ્રદેશોમા દેશથી જીવત્વ છે ને છેલ્લામા સર્વથા છે, એવી માન્યતા પણ યથાર્થ નથી છેલ્લા પ્રદેશમા અન્ય પ્રદેશો કરતા કંઈપણ વિશેષતા નથી તેથી એકમા દેશથી ને એકમા સર્વથી એમ કહી શકાય નહિ આગમમા પ્રથમ વગેરે પ્રદેશોમા આત્મત્વનો નિષેધ કર્યો છે ને અન્તિમ પ્રદેશમા નિષેધ નથી કર્યો માટે અન્તિમ પ્રદેશમા જ આત્મત્વ રહે છે, એમ તાત્પર્ય ખેચવુ તે પણ યુક્ત નથી. આગમમા તો એક વગેરે સખ્યાથી આત્મત્વનો નિષેધ છે, તેથી આગમની રીતિએ તો છેલ્લો પ્રદેશ પણ એક હોવાથી તેમા પણ આત્મત્વ ન રહે આ રીતમા આગમ એ જ વસ્તુ સ્પષ્ટ સમજાય માટે કહ્યુ છે કે-સપૂર્ણ પ્રદેશવાળો આત્મા જ આત્મા કહેવાય

તીવ્ર ભક્તિ અને શ્રદ્ધાથી મે આજે એ સિદ્ધાન્ત આચરણમા મૂક્યો જો તે સિદ્ધાન્ત યથાર્થ-વાસ્તવિક છે તો મે આ સર્વ સમુદાયમા આપની મશ્કરી શી કરી? જો આપને મારુ આ વર્તન અસત્ય ને અનુચિત જણાયુ હોય તો પ્રથમ આપ આપના અયથાર્થ-અવ્યવહારુ-અવાસ્તવિક વિચારો ફેરવો શાથી આપને અન્ન-પાન-વસ્ત્ર-પાત્રના છેલ્લા એક એક કણથી તૃપ્તિ થતી નથી? જો અન્તિમ અવયવમા વસ્તુનુ સર્વસ્વ હોય તો તેનુ કાર્ય છેલ્લા અવયવથી થવુ જ જોઇએ પણ પરન્તુ કાર્ય જેમ ઘટ નથી કરતો તેમ એક તતુ પણ ઠડીથી ને લજ્જાથી રક્ષણ કરવારૂપ કાર્ય કરી શકતો નથી એક અવયવમા પૂર્ણ અવયવી માનવા માટે નથી કોઇ સબળ પ્રમાણ કે ઉદાહરણ, નથી આપ્તવચન કે નથી કોઇ યુક્તિ આપને શાથી આવા અનર્થ વિચારમા મિથ્યાગ્રહ થયો તે જ નથી સમજાતુ, માટે આપ આવા મિથ્યા વિચારને તિલાજલિ આપો, ને શ્રી વીર પરમાત્માના વચનોમા પુન સ્થિર થાઓ '

મિત્રશ્રી શ્રાવકના આ કથનની આચાર્યશ્રીને સવળી અસર નીપજી

(૫)

ભૂલનો એકરાર, આલોચના અને મૂળસ્થિતિમા આવવુ—

સદ્ભાગ્યનો ઉદય થવાથી, દુષ્કર્મ નાશ પામવાથી આચાર્ય તિષ્યગુપ્તે પોતાના વિચારો ફેરવ્યા તેમને સત્ય સમજાયુ. સર્વ સમુદાય સમક્ષ તેમણે મિત્રશ્રી શ્રાવકનો ઉપકાર માન્યો ને કહ્યુ કે 'હે બહુશ્રુત શ્રમણોપાસક' તુ કહે છે તે સત્ય છે તારા આ પ્રયોગથી મારો વ્યામોહ દૂર થયો છે પૂર્વના તે પાઠનો આશય મને હવે સમજાય છે '

મિત્રશ્રીએ પણ ઉત્તર આપતા જણાવ્યુ કે-' ગુરુ મહારાજ!

કામ કરવા ટેવાયેલા છે એટલે સમજૂતી સિવાય કોઈપણ કડક કે દબાણના ઉપાયો તેઓ ન ચોજી શકે સખત પ્રયત્ન સિવાય અશ્વમિત્ર સમજે એમ નથી લાગતુ સમજાવવા માત્રથી સમજી જાય એમ હોત તો અહિ તે માટે ઓછુ કર્યુ હતુ ? તેને ઠેકાણે લાવવા માટે તો કોઈ રાજ્યદ્વારી પદ્ધતિનુ કામ છે કુશલપુરના પ્રયત્નથી પતી જાય તો વધારે સારુ નહિ તો રાજગૃહીના ખડરક્ષક, કોટવાલ આદિ શ્રાવકો છે તેઓ ધર્મના જાણકાર છે ને સામ-દામ-દંડ-ભેદ એમ ચારે નીતિનો પ્રયોગ અજમાવવામા કુશલ છે અશ્વમિત્ર ત્યા રાજગૃહ જ જનાર છે, તો તેમને ખબર પહોચાડવા જોઈએ તેઓ પ્રભુના પવિત્ર આગમ પ્રત્યે સમ્પૂર્ણ રાગવાળા અને પ્રભુએ પ્રરૂપેલ દરેક પદાર્થ માટે અવિચલ શ્રદ્ધાવાળા છે કેવળ રાગ અને શ્રદ્ધા છે એટલુ જ નહિ પણ બહુશ્રુત છે તેમને ખબર પડશે એટલે તેઓ અશ્વમિત્રને વ્યવસ્થિત રીતે માર્ગમા લાવી શકશે "

એ રીતે આર્ય મહાગિરિજી મહારાજે નગરશેઠને અન્ય ઉપાય પણ સૂચવ્યો

નગરશેઠે કહ્યુ—" રાજગૃહીથી એક મુખ્ય શ્રાવક પાચ સાત દિવસમા અહીં આવવાના છે તેઓ સમજુ અને સર્વ વાત પચાવી શકે તેમ છે હુ તેમને સર્વ સમજ પાડીશ પછી આપશ્રી પાસે લઈ આવીશ કદાચ કોઈ કારણસર તેઓ અહિ નહિ આવી શકે તો હુ રાજગૃહી જઈ આવીશ ને સર્વ યોજના ખડરક્ષક-શ્રાવકોને સમજાવતો આવીશ આપશ્રી ફરમાવો છો તે પ્રમાણે અશ્વમિત્ર મહારાજ માટે કઇક કડક ઉપાયોની આવશ્યકતા છે ખરી !

" મારુ સાહેબ ! હવે હુ જઉ છુ આપની યોગસાધના અવિચલ રહો ! "

એટલે શ્રી સઘે તેમને વિનતિ કરી કે–" આપનુ કથન યથાથ છે આપ અને પૂ ગુરુમહારાજથી વચ્ચે વૈમનસ્ય નહિ પણ વિચારભેદ છે, ને તે કારણે આપે જુદો વિહાર કર્યો છે પરતુ એ વિચારભેદ દૂર થાય ને આપ બન્ને પૂજ્યો એક મત થાઓ તો જૈન શાસનની શોભા ઘણી સારી થાય અવિચ્છિન્ન પ્રભાવશાલિ-ત્રિકાલાબાધિત શ્રી વીતરાગ શાસનમા સહજ પણ સકલેશ શોભે નહિ આ મતભેદ દૂર કરવાને આપ જે ઉપાય સૂચવો તેની યોજના કરવાને અમે સર્વ તૈયાર છીએ "

" જુઓ, આ જુદાપણુ કાઇ ક્રોધથી કે માનથી નથી થયુ આમા નવો મત ચલાવવાની અભિલાષા પણ નથી, કે ક્રોધ, માન છોડી દેવાથી સમજી જવાય અને વૈમનસ્ય શમી જાય શાસ્ત્રના અથ કરવામાથી આ પ્રસગ બન્યો છે હવે અમે બન્નેમાથી કોઇપણ એક પોતાના અર્થનો ત્યાગ ન કરે ત્યા સુધી આ જુદાઇ કેમ મટે ?' આર્ય અશ્વમિત્રે કહ્યુ

" આપ ફરમાવો તો પૂ ગુરુમહારાજશ્રીને વિનતિ કરીને અમે અહીં બોલાવી લાવીએ, આપ ફરી અર્થ સમજવા પ્રયત્ન કરો આપને ત્યા પધારવુ હોય તો અમે બધા સાથે આવીએ ને પૂ ગુરુમહારાજશ્રીને મતફેર ટાળી દેવા વિનવીએ આપ આપનુ કથન ફરી તેઓશ્રીને સમજાવો પણ તેમા નિકાલ લાવવાની ભાવના પ્રધાન જોઇએ " શ્રી સઘે કહ્યુ

" આ અર્થની વિચારણા ઘણા સમય સુધી ચાલી છે હવે ફરી ફરી એનુ એ ઉથલાવવાથી શુ ? પૂ ગુરુમહારાજશ્રીનો કરેલ અથ મને નથી બેસતો મારો અથ તેઓશ્રીને મિથ્યા લાગે છે હવે તું મન વગર તેઓશ્રી જે અર્થ કરે છે તેમા હા-એ-હા કરુ તો આ સર્વ શની જાય પણ વગર

છ થાત, પણ તે પણ નથી પૂર્ણિમાના ચન્દ્રની પ્રતીક્ષા
કરતી કુમુદિનીની માફક હું રાત્રિએ તેમની રાહ જોઈને રહું છું
ત્યારે અન્ધારીયાના અન્તિમ દિવસોના ખંડિત ચન્દ્ર જેવા
તેમનુ પાછલી રાતે આગમન થાય છે ને અસ્ત થતા વાર
લાગતી નથી કોઈ કોઈ વખત તો સૂર્ય સમા પ્રચણ્ડ–તીક્ષ્ણ
કિરણ ફેંકી મને કરમાવે છે ભૂખ તરસ સહન કરતી તપ
સ્વની સમી હું તેઓ શરદૂના પૂર્ણ ચન્દ્ર બની મારા પર
સુધા વરસાવે એટલુ જ ઈચ્છુ છુ દિનરાત એ જ ચિન્તવુ
છુ એમને પ્રસન્ન કરવા કોઈ પણ જાતની ખૂટ કરતી નથી
સેવામા ખડે પગે રહુ છુ મારી અન્દરની આ વેદનાએ મને
શોષી છે મારી ક્ષીણતાનુ કારણ એ એક જ છે '

પુત્રવધૂ પાસેથી પોતાના પુત્રની આવી વિષમ પરિસ્થિતિ જાણી શિવભૂતિ ઉપર તેની માતાને અત્યન્ત રોષ ઉપજ્યો તેણે પોતાની વહુને આશ્વાસન આપ્યુ ને કહ્યું—

"પુત્રી ! તુ ચિન્તા ન કર આજે રાતે હુ તેને ઠેકાણે લાવી દઈશ આજે તારે જાગવાની જરૂર નથી હું જાગીશ બારણું હું ઉઘાડીશ તુ નીરાતે સુઈ જજે મને ખબર નહિ કે વાત આટલી હદ સુધી પહોંચી છે ઠીક હવે તેની વાત !"

* * *

' ઔર એક દાવ ખેલીયેજી, ક્યા દેર હોતી હૈ ? અભી તો બાર ભી બજા હૈ નશા ઉતર ગયા હૈ તો લીજીએ હરે જત જરા શરાબકી જનાબ ! '

એમ કહી એક ખેલાડીએ શિવભૂતિને જુગારના રંગમા લીધા મદિરાની મસ્તીના ચડાવ્યો પરન્તુ ભાન ભૂલવ્યુ રાતને દિવસ સમજાવ્યો

જે શબ્દોનો આપણે જે અર્થમાં ઉપયોગ કરીએ છીએ તે અર્થને તે પદાર્થ તે સમયે યથાર્થ અનુભવતો હોય તો જ તેને માટે તે શબ્દ વાપરવો એવી જે નયની માન્યતા છે તેને એવંભૂત નય કહેવામાં આવે છે

જેમકે જિન ત્યારે જ કહેવાય કે જ્યારે શુક્લધ્યાનની ધારાએ ચડી રાગાદિ શત્રુને જીતતા હોય જ્યારે સુરાસુર નરેન્દ્ર પૂજા કરતા હોય ત્યારે જ અર્હત્ કહેવાય અને સમવસરણમાં વિરાજી ચતુર્વિધ શ્રમણ સંઘની અને પ્રથમ ગણધરની સ્થાપના કરતા હોય ત્યારે તીર્થંકર કહેવાય

પરંતુ જ્યારે ઉપર્યુક્ત ક્રિયા ન આચરતી હોય ત્યારે તે શબ્દો વપરાય નહિ

તીર્થની સ્થાપના કરતા હોય ત્યારે કોઈ કહે કે ઇન્દ્ર મહારાજા જિનને નમે-પૂજે છે તો તે વાક્ય સમભિરૂઢ નય બરોબર ન કહે. આ નય તો કહે-અત્યારે તીર્થંકરને ઇન્દ્ર નમે છે એમ કહો આ પ્રમાણે એવંભૂત નયનું સ્વરૂપ છે

• • •

ઘટના દૃષ્ટાન્તથી શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયનું સ્પષ્ટીકરણ

શબ્દનય—જેમાં પાણી ભરી શકાય, જેનો આકાર ગોળ, મોટા પેટવાળો, સાંકડા મુખવાળો જે પદાર્થ તે ઘટ કહેવાય છે ઘટ-કલશ-કુંભ વગેરે તેના પર્યાય શબ્દો છે

સમભિરૂઢ નય—પાણી ભરાય તે—જલાધાર કહેવાય, શબ્દ કરે તો જ ઘટ કહેવાય, પૃથ્વીને પૂરે તો જ કુંભ કહેવાય

કોઈ કહે કે આંખે નથી દેખાતો માટે પવન નથી, તો તે કહેનારનું કથન સત્ય નથી, તે જ પ્રમાણે આત્મા નથી એ તારુ કહેવુ યથાર્થ નથી આત્મા અરૂપી છે માટે તે દેખી શકાય નહિ આંખ સિવાય સ્પર્શેન્દ્રિયથી ને અનુમાનથી જેમ પવન છે એ મનાય છે તે જ પ્રમાણે મનથી અને અનુમાનથી આત્મા પણ સિદ્ધ થાય છે

તારા માતાપિતા ન આવ્યા એટલે સ્વર્ગ-નરક નથી એ અસત્ય—

હે નૃપ! તે કહ્યુ કે મારા પર અત્યન્ત સ્નેહ રાખતા મારા માતાપિતા મને આવી પ્રતિબોધ કરવા માટે ન આવ્યા એટલે મે નિશ્ચય કર્યો કે આત્મા પુણ્ય, પાપ સ્વર્ગ નરક વગેરે કંઈ નથી' એ તારી માન્યતા યોગ્ય નથી કારણ કે તેઓ ન આવ્યા માટે તે વસ્તુ જ નથી એમ ન કહી શકાય તેઓના ન આવવાના બીજા અનેક કારણો હોઈ શકે છે

(૪)

માનવના સ્વર્ગથી ન આવવા સમ્બન્ધી એક દરિદ્રનુ દૃષ્ટાન્ત

કોઈ એક વખત મુસાફરી કરતા કરતા તને કોઈ એક મનુષ્યનો કોઈ એક નગરના સમાગમ થયો હોય તે દરિદ્રીવાન તેની સાથે તારે ગાઢ સ્નેહ બંધાઈ ગયો હોય તેની દરિદ્રતાના નાશ માટે અને તેનો ઉદ્ધાર કરી સારી સ્થિતિમા લાવવા માટે તેની સાથે વિચાર્યુ હોય ને કહ્યુ હોય એક મોટો રાજા છુ, મારી પાસે અખૂટ સમ્પત્તિ છે, ઘણા દેશ છે હું તને સુખી કરીશ. એવી પછી બીજે દિવસે તુ તારે માર્ગે ... તેને સ્નેહ ...